



# ઉમરેઠ વિસ્તારમાં અતિવૃષ્ટિના સંકેત

## ખેડૂતો ચિંતાતુર : તાલુકામાં ૧૨ મી.મી. વરસાદ નોંધાયો

ઉમરેઠ તા.૨૫

સમગ્ર રાજયમાં મેઘરાજાના ફેર આગમનના કારણે તાલુકા મથક ઉમરેઠને પણ ખાસ્સી અસર થયેલી જોવા મળી રહી છે.નીચાણવાળા ઝૂંપડાઓમાં પાણી ભરાતા ગરીબ પરીવારોને સ્વયંસેવી સંસ્થાઓ સાચવી રહેલ છે.બીજી તરફ અચાનક શરૂ થયેલ વરસાદના કારણે મરચી, તમાકુનું દરૂ, ડાંગર, કપાસ, શાકભાજી તેમજ કેળની ખેતીને ભારે અસર જોવા મળી છે.હજુપણ કાળા ડીબાંગ વાદળો ઘેરાયેલા હોવાના કારણે વિસ્તારના ખેડૂતો ચિંતિત બન્યા છે.

ઉમરેઠ તાલુકામાં છેલ્લા પાંચ દિવસથી વરસી રહેલા વરસાદના કારણે તેમજ ઉપરવાસની પાણીની આવકના કારણે મોટાભાગના તળાવો છલકાઈ ઉઠેયા છે.જો કે ભાદરવા વરસાદના કારણે વિસ્તારના ખેડૂતોને પારાવાર નુકસાન થયાના અહેવાલ પ્રાપ્ત થયા છે. એવામાં ગઈકાલ રાતથી સતત વરસી રહેલા વરસાદના કારણે ઓડ સારસા તેમજ બેચરી તરફ જવાના માર્ગો ઉપર કેટલેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થતાં થોડા સમય માટે વાહનવ્યવહાર ખોટકાઈ ગયો હતો.હજુસુધી કોઈ મોટી ઘટના કે પુરની સ્થિતિ ન સર્જાતા જાનહાની થયાના વાવડ મળ્યા નથી.પરંતુ ફરી શરૂ થયેલા વરસાદી રાઉન્ડના કારણે ઉમરેઠના બજારો ઠપ્પ થઈ જતાં વેપારીઓને આર્થિક નુકશાન વેઠવુ પડ્યાની બૂમો સંભળાઈ રહી છે.

ઉમરેઠના ચંન્દ્રમુળેશ્વર મહાદેવમાં ઐતિહાસીક અષાઢી તોલાઈ હતી જેમાં આ વખતના વર્તારામાં ડાંગરનો પાક ઓછો થયાનું જણાયુ હતુ. છેલ્લા પાંચ દિવસથી મેઘરાજાના તાંડવથી ડાંગરના પાકને પારાવાર નુકશાન થયાના અહેવાલ પ્રાપ્ત થઈ રહયા છે. તે જોતા અષાઢીનો વર્તારો સાચો પડશે તેવી ચર્ચાઓ સાંભળવા મળી રહી છે.

# અરવલ્લી જીલ્લામાં કાશ્મીર જેવો માહોલ

## આજે ચોથા દિવસે વરસાદ વિસામો લેતો નથી : ખેતીને વ્યાપક નુકશાન થવાના એંધાણ

ભિલોડા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા પંથકમાં રવીવારથી ચાલુ થયેલા વરસાદે બુધવારની સાંજ સુધી ચાલું હોય મકાઈ, મગફળી અને જાર નષ્ટ થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે. ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં ભાદરવાના અંત સમયમાં અષાઢ જેવો માહોલ રચી એકધારો વરસી રહેલો મહુલીયો જાણે કે બધુ પુરૂ કરવાનું હોય તે રીતે વરસી રહ્યો છે. ભિલોડા પંથકમાં આજ સવારથી જાણે કે ફુવારા વરસતા હોય તે ગતીએ વરસતો વાતાવરણ ઠંડુગાર બની જવા લાગ્યું છે. ગરમ વસ્ત્રો પહેરવા પડે તેવો પવન ફુકાઈ રહ્યો છે. વરસાદના માહોલથી અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા હતા. બજારો તેમજ જનજીવનને માઠી અસર વર્તાઈ રહી છે. એક બે દિવસમાં વરસાદ બંધ ન થાય તો મકાઈ, મગફળી ફરી ઉગશે તેવું ખેડુત સમુદાય કહી રહ્યો છે.

# ખેડબ્રહ્માના વોર્ડ નં. ૩ અને ૬ના રહીશો પાણીથી વંચિત

## ભૂગર્ભ ગટરના આડેધડ ખોદકામથી પાણીની લાઈનમાં ભંગાણ



ખેડબ્રહ્મા, તા. ૨૪

ખેડબ્રહ્માના વોર્ડ નંબર ૩ અને ૬ ના રહીશો છેલ્લા દસ દિવસથી પીવાના પાણીથી વંચિત છે. ભૂગર્ભ ગટર લાઈનના આડેધડ ખોદકામથી પીવાના પાણીની લાઈનમાં ભંગાણ સર્જાતા ઘણી સમસ્યાઓનો રહીશોને સામનો કરવાનો વારો આવ્યો છે. પાલિકા દ્વારા પાણીની લાઈન સત્વરે દુરસ્ત કરી પીવાનું પાણી પુરૂ પાડવામાં આવે તેની રહીશોએ લેખિતમાં રજુઆત કરી છે.

ખેડબ્રહ્મા પાલિકા વિસ્તારના વોર્ડ નંબર ૩ અને ૬ના રહીશો મુકેશકુમાર બી. મહેતા, ડો. દુષ્યંત દરજી, ડો. સી.કે. પટેલ, ડો. દિલિપ કે. દવે તથા હંસાબેન વોરા સહીતના રહીશોના જણાવ્યા અનુસાર આ વિસ્તારમાં પાલિકા દ્વારા આપવામાં આવતું પાણી છેલ્લા દસ દિવસથી બંધ છે. વોર્ડ નંબર-૩ અને ૬ માં જીયુડીસી દ્વારા ભૂગર્ભ ગટરલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. કોન્ટ્રાક્ટર દ્વારા આડેધડ ખોદકામ કરાતાં પાણીની લાઈનમાં ભંગાણ સર્જાયું છે. જેથી રહીશો પીવાના પાણીથી વંચિત રહ્યા છે અને પાણીનો બેસુમાર બગાડ થાય છે. લાઈન લીકેજના કારણે પાણીનો ભરાવો થતાં કાદવકીચડ તથા મચ્છરોનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે અને રહીશો ખતરનાક રોગના ભરડામાં સપડાય તેવો ભય સતાવી રહ્યો છે. કાદવ કીચડના કારણે રહીશોને આવવા-જવામાં તથા વાહનોની અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

# અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા પાલનપુરથી શિખર સુવર્ણમય યોજનાનો શુભારંભ

પાલનપુર, તા. ૨૫

બનાસકાંઠા જિલ્લા કલેક્ટર કચેરી પાલનપુર ખાતેથી જિલ્લા કલેક્ટર દ્વારા ગત તા. ૨૨મી સપ્ટેમ્બર-૨૦૧૩ના રોજ શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ, અંબાજી શિખર સુવર્ણમય યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત એસ.બી.આઈ. બેંકના બે ખાતામાં સુવર્ણ પેટે રકમ જમા કરાવવામાં આવશે.

આ શિબિર સુવર્ણમય યોજના માત્ર બે જ દિવસમાં રૂપિયા ૩૦૦૦ કે તેથી વધુ રકમ માટે એસ.બી.આઈ.ના ખાતા નં. ૩૩૧૮૭૨૮૮૫૧૩ માં રૂ. ૧૫૩૪૧૫૮ ઓનલાઈન, રોકડ, ચેક ડ્રાફ્ટ સ્વરૂપે જમા થયેલા છે. જ્યારે ૧૦ ગ્રામ, ૨૦ ગ્રામ, ૫૦ ગ્રામ કે ૧૦૦ ગ્રામ સુવર્ણ પેટેની રકમ એસ.બી.આઈ.ના ખાતા નં. ૩૩૧૮૪૮૭૬૧૭૫ માં રૂપિયા ૭૩૪૯૪ ઓનલાઈન સુવર્ણ દાન સ્વરૂપે જમા થયા છે. કુલ ૧૩૬ દાતાઓ દ્વારા બન્ને ખાતામાં કુલ રૂ. ૧૬૦૭૬૫૨ સુવર્ણ રકમમાંથી તા. ૨૪મીના રોજ આશરે ૫૦૦ ગ્રામ સુવર્ણ મંદિર દ્વારા ખરીદવામાં આવ્યું છે. અને હજુ પણ આ શિખિર સુવર્ણમય યોજનામાં ભાવિક ભક્તો દ્વારા મોટા પ્રમાણમાં સુવર્ણ દાન થવાની સંભાવના છે.

# ધનસુરામાં મેઘરાજાની મેઘમહેર

## નાનીવાવમાં વીજળી પડતા વીજ ઉપકરણો બળી ગયા

ધનસુરા, તા. ૨૫

સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ રી એન્ટ્રી કરી પુનઃ ચોમાસાનો માહોલ સર્જ્યો છે. ત્યારે ધનસુરા તાલુકા સહિત આસપાસના અનેક પંથકમાં વરસાદી માહોલથી ઠંડક પ્રસરી જવા પામી છે અને ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા છે.

આજે સવારે વિજળીના ભયંકર કડાકા અને ભડાકા ધનસુરાના નાની વાવમાં એક મકાન પર વીજળી ત્રાટકતા મકાનને મોટુ નુકશાન થવા પામ્યું હતું. આથી કેટલાક વિસ્તારોમાં વિજ ઉપકરણો બળીને ખાખ થઈ ગયા હતા. જ્યારે કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો હતો. છેલ્લા ચાર દિવસથી રૂકી-રૂકીને પડી રહેલા વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. પરિણામે કેટલાક ધંધા ઉદ્યોગો પણ ઠપ્પ થઈ જવા પામ્યા છે.

# નવ અન્ડરપાસમાં પાણી ભરાતા ટ્રાફિક જામ થયો

અમદાવાદ, તા. ૨૫

અમદાવાદમાં સતત ભારે વરસાદના પરિણામ સ્વરૂપે શહેરના ઘણા વિસ્તારોમાં અંડરપાસને બંધ કરવાની ફરજ પડી હતી. નવ અંડરપાસમાં પાણી ભરાઈ જતા જનજીવન ઠપ થઈ ગયુ હતુ. અખબારનગર અને પરિમલ અંડરપાસમાં બે લાલબસ ફસાઈ ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવ્યા બાદ ફસાઈ ગયેલી કાર અને બસને બહાર કાઢવાની પ્રક્રિયા કરાયી હતી. લાલ બસમાંકોઈ મુસાફર નહીંહોવાના કારણે વધારે મુશ્કેલી નડી ન હતી. અખબારનગર અન્ડરપાસમાં વારંવાર બસ ફસાઈ જવાના બનાવો બને છે. કેટલાક વિસ્તારોમાં વૃક્ષો પણ ધરાશાયી થયા હતા. બીજી બાજુ રાતભર ચાલી રહેલા વરસાદ અને સવારના વરસાદથી ઘણા અન્ડરપાસ ખાતે વાહનવ્યવહાર બંધ કરવાની ફરજ પડી હતી. માત્ર ઉસ્માનપુરા અન્ડરપાસ વાહન વ્યવહાર માટે ચાલુ રખાયો હતો.

ભિલોડા તાલુકાના મુનાઈ અને ઝુમસર ગામને

# ઈડર તાલુકામાં સમાવેશ કરાવવાની હિલચાલ શરૂ કરાતા પ્રજાજનોમાં તીવ્ર રોષ

ભિલોડા, તા. ૨૫

સાબરકાંઠા જીલ્લાનું વિભાજન કરાયા બાદ નવિન અરવલ્લી જીલ્લો બનાવવામાં આવ્યો છે ત્યારે ભિલોડા તાલુકાના મુનાઈ અને ઝુમસર ગામને ઈડર તાલુકામાં સમાવેશ કરાવવાની હિલચાલ શરૂ કરાતા પ્રજાજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે. મુનાઈ અને ઝુમસર ગામનો નાતો વર્ષોથી ભિલોડા સાથે રહેલો છે. મુનાઈ ગ્રામ પંચાયત પુર્વ સરપંચ કાંતીલાલ લલ્લુભાઈ ચૌહાણ, સામાજીક કાર્યકર કમજીભાઈ જગનાભાઈ પાંડોર, રાજેશભાઈ લાલજીભાઈ પાંડોર, લાલજીભાઈ નાગજીભાઈ પાંડોર સહિત ગ્રામજનોના જણાવ્યા મુજબ મુનાઈ અને ઝુમસર ગામને ઈડર તાલુકામાં સમાવવાની હિલચાલ શરૂ કરાતા પ્રજાજનોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે. મુનાઈ અને ઝુમસર ગામના ગ્રામજનોના જણાવ્યા મુજબ ભિલોડા તાલુકા મથક ૧૨ કિ.મી.ના અંતરે આવેલ છે ત્યારે ઈડર તાલુકા મથક ૩૦ કિ.મી.ના અંતરે આવેલ હોવાના કારણે જાગૃત પ્રજાજનોના મત મુજબ ઝુમસર અને મુનાઈ ગામને ભિલોડા તાલુકામાં રહેવાનું કારણ એ છે કે વર્ષોથી આ બંન્ને ગામનો નાતો ભિલોડા ગામ સાથે રહેલો છે. મુનાઈ અને ઝુમસર ગામના અમુક રાજકીય વગ ધરાવતા લોકો પોતાનો અંગત સ્વાર્થ સિધ્ધ કરવા માટે આ બંન્ને ગામને ઈડર તાલુકામાં સમાવેશ કરવા હિલચાલ શરૂ કરી છે ત્યારે આ વિસ્તારના ઠાકોર સમાજ, હરીજન સમાજ અને આદિવાસી સમાજના લોકોમાં તીવ્ર રોષ ભભુકી ઉઠ્યો છે. ભિલોડા તાલુકાના મુનાઈ અને ઝુમસર ગામને જો ઈડર તાલુકામાં સમાવેશ કરવામાં આવશે તો આ વિસ્તારના લોકો ગાંધીચિધ્યા માર્ગે લડત આપવાનું વિચારી રહ્યા હોવાનું લોકમુખે જાણવા મળેલ છે. મુનાઈ અને ઝુમસર ગામને ભિલોડા તાલુકામાં જ રાખવા બાબતે આ વિસ્તારના ગ્રામજનોએ સાબરકાંઠા જીલ્લા કલેક્ટર,ભિલોડા મામલતદાર, ગુજરાત રાજ્ય સરકાર મહેસુલ મંત્રી, ભિલોડા ધારાસભ્ય સહિત લાગતા વળગતા અધિકારીઓને પણ આ બાબતે જાણ કરી હોવાનું ગ્રામજનો ધ્વારા જાણવા મળેલ છે.

# ઉત્તર ગુજરાતના બજાર ભાવો

| | | |
|---|---|---|
| **પાટણ** | | |
| જીરૂ | ૨૦૦૦ | ૨૩૩૮ |
| વરીયાળી | ૭૫૦ | ૧૪૬૩ |
| રાયડો | ૫૦૦ | ૬૪૧ |
| ઘઉં | ૩૦૪ | ૩૭૦ |
| જુવાર | ૨૮૫ | ૩૦૭ |
| બાજરી | ૨૧૦ | ૨૮૫ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૧ |
| બંટી | ૨૫૦ | ૩૩૬ |
| મગ | ૮૨૧ | ૯૨૫ |
| **તલોદ** | | |
| એરંડા | ૬૯૬ | ૭૦૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૮ |
| બાજરી | ૨૨૦ | ૨૭૧ |
| ગવાર | ૧૧૦૦ | ૧૧૯૧ |
| ડાંગર જયા | ૨૫૦ | ૨૮૦ |
| **સલાલ** | | |
| મગફળી | ૫૨૫ | ૬૬૦ |
| એરંડા | ૬૬૫ | ૬૮૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૪૦ |
| બાજરી | ૨૧૦ | ૨૪૫ |
| ડાંગર જયા | ૨૭૦ | ૩૨૦ |
| **ધનસુરા** | | |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| મકાઈ | ૨૯૦ | ૩૧૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| બાજરી | ૨૩૦ | ૨૬૦ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **ખેડબ્રહ્મા** | | |
| ઘઉં લોકવન | ૩૧૪ | ૩૨૫ |
| ઘઉં ૪૯૬ | ૩૨૦ | ૩૪૦ |
| મકાઈ | ૨૮૮ | ૨૯૫ |
| એરંડા | ૬૯૦ | ૭૦૦ |
| **મોડાસા** | | |
| એરંડા | ૬૮૦ | ૬૯૪ |
| બાજરી | ૨૪૦ | ૨૬૧ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૯ |
| ગવાર | ૧૦૦૦ | ૧૨૪૫ |
| ઘઉં | ૩૦૫ | ૩૩૦ |
| **તલોદ** | | |
| બાજરી | ૨૩૦ | ૨૪૫ |
| મકાઈ | ૨૪૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૫ | ૩૨૫ |
| **દહેગામ** | | |
| બાજરી | ૨૩૯ | ૨૫૭ |
| ઘઉં | ૩૨૦ | ૨૮૫ |
| એરંડા | ૭૦૪ | ૭૦૫ |
| ગવાર | ૧૨૦૦ | ૧૩૫૦ |
| મકાઈ | ૨૪૦ | ૨૯૦ |
| તુવેર | ૨૨૬ | ૬૧૫ |
| જુવાર | ૨૫૦ | ૩૫૦ |
| રાયડો | ૫૪૦ | ૫૯૦ |
| **રખિયાલ** | | |
| બાજરી | ૨૩૫ | ૨૫૦ |
| ઘઉં | ૩૧૦ | ૩૨૫ |
| ડાંગર | ૨૪૦ | ૨૮૦ |
| એરંડા | ૭૦૦ | ૭૦૨ |
| ગવાર | ૧૧૫૦ | ૧૩૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૦ | ૬૦૫ |
| જુવાર | ૨૪૦ | ૩૪૦ |
| રાયડો | ૫૩૦ | ૫૮૦ |
| **હિંમતનગર** | | |
| મગફળી | ૪૫૦ | ૫૦૦ |
| એરંડા | ૬૯૩ | ૭૧૧ |
| ઘઉં | ૩૧૫ | ૩૭૫ |
| બાજરી | ૨૨૦ | ૨૪૮ |
| મકાઈ | ૨૮૦ | ૩૧૦ |
| ગવાર | ૯૦૦ | ૧૧૮૧ |
| **ઈડર** | | |
| ઘઉં | ૩૧૫ | ૩૪૫ |
| મકાઈ | ૩૧૦ | ૩૪૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૮ |
| બાજરી | ૨૫૦ | ૨૬૬ |
| મગફળી | ૫૯૦ | ૬૬૦ |
| તલ | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ગવાર | ૧૦૫૦ | ૧૧૨૨ |
| **કડી** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૩૯ |
| ડાંગર | ૨૪૦ | ૩૧૦ |
| બાજરી | ૨૧૦ | ૨૨૦ |
| ગવાર | ૯૫૦ | ૧૧૮૦ |
| એરંડા | ૬૯૫ | ૭૦૫ |
| રાયડો | ૫૮૧ | ૫૯૧ |
| જીરૂ | ૨૧૬૦ | ૨૪૨૧ |
| **પાલનપુર** | | |
| ઘઉં | ૩૧૨ | ૪૨૬ |
| બાજરી | ૨૧૩ | ૨૫૮ |
| એરંડા | ૭૦૦ | ૭૧૫ |
| રાયડો | ૬૧૦ | ૬૧૧ |
| રાજગરો | ૧૧૫૫ | ૧૨૩૦ |
| મગફળી | ૬૦૦ | ૭૫૫ |
| ગવાર | ૭૦૦ | ૧૧૭૦ |
| **સિદ્ધપુર** | | |
| મગ | ૬૦૦ | ૬૧૫ |
| અડદ | ૭૨૦ | - |
| રાયડો | ૫૫૬ | ૬૧૯ |
| એરંડા | ૬૯૦ | ૭૧૬ |
| ગવાર | ૯૨૫ | ૧૧૯૭ |
| ઘઉં | ૨૯૮ | ૩૭૪ |
| બાજરી | ૨૦૦ | ૨૭૦ |
| જુવાર | ૨૨૧ | - |
| **ઉંઝા** | | |
| જીરૂ | ૧૯૫૦ | ૨૭૨૨ |
| વરીયાળી | ૮૨૧ | ૨૨૯૦ |
| ઈસબગુલ | ૧૦૯૧ | ૧૪૪૦ |
| સરસવ | ૬૩૫ | - |
| રાયડો | ૫૭૬ | ૬૬૧ |
| તલ | ૧૯૫૦ | ૨૦૦૧ |
| **વિસનગર** | | |
| ઘઉં | ૩૦૫ | ૩૭૨ |
| બાજરી | ૨૦૦ | ૨૬૦ |
| રાયડો | ૫૭૦ | ૬૨૧ |
| એરંડા | ૬૮૦ | ૭૨૦ |
| ચોરા | ૬૦૦ | ૧૦૨૦ |
| કપાસ | ૯૦૦ | ૧૧૦૧ |
| જુવાર | ૩૧૦ | ૪૦૦ |
| મગ | ૯૦૦ | ૧૧૮૦ |
| ગવાર | ૯૦૦ | ૧૨૫૦ |
| રજકાના બી | ૧૫૦૦ | ૨૬૯૧ |
| **મહેસાણા** | | |
| ઘઉં | ૩૦૮ | ૩૫૭ |
| રાયડો | ૫૩૫ | ૬૦૪ |
| બાજરી | ૨૦૫ | ૨૬૮ |
| એરંડા | ૬૮૮ | ૭૦૦ |
| અજમો | ૬૩૦ | - |
| ગવાર | ૮૧૧ | - |
| બંટી | ૨૯૦ | - |
| રજકાના બી | ૨૦૫૦ | ૨૮૫૦ |
| **અંબાલીયાસણ** | | |
| ઘઉં | ૩૧૫ | ૩૩૫ |
| એરંડા | ૭૦૦ | ૭૦૩ |
| **જોટાણ** | | |
| એરંડા | ૬૯૮ | ૭૦૩ |
| બાજરી | ૨૪૫ | - |
| ગવાર | ૯૫૧ | ૧૦૬૧ |
| **હારીજ** | | |
| રાયડો | ૩૫૯ | ૬૧૧ |
| એરંડા | ૬૮૦ | ૭૦૪ |
| બાજરી | ૨૦૦ | ૨૪૬ |
| ઘઉં | ૩૦૧ | ૩૬૦ |
| ગવાર | ૯૬૫ | ૧૨૦૦ |
| અડદ | ૭૦૧ | - |
| મગ | ૯૮૨ | ૧૦૩૫ |
| ચણા | ૪૬૫ | ૬૩૬ |
| જીરૂ | ૨૦૦૦ | ૨૪૨૦ |
| સાસટો | ૨૫૦ | ૩૨૪ |
| સવા | ૬૪૦ | ૬૬૦ |
| બંટી | ૨૮૨ | ૩૦૨ |
| મેથી | ૪૯૨ | ૫૭૬ |
| **કલોલ** | | |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| એરંડા | ૬૯૭ | ૭૦૧ |
| બાજરી | ૨૨૭ | ૨૭૦ |
| રાયડો | ૫૯૧ | - |
| ડાંગર | ૨૭૦ | ૩૩૬ |
| ગવાર | ૧૨૦૦ | ૧૨૩૫ |
| જુવાર | ૨૮૫ | ૩૧૬ |
| **બાયડ** | | |
| એરંડા | ૬૬૫ | ૬૮૫ |
| ઘઉં | ૨૮૦ | ૩૧૫ |
| બાજરી | ૨૨૫ | ૨૪૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૫ |
| ગવાર | ૮૫૦ | ૧૨૦૦ |

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ય મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન